**સેશન્સ કેસ નંબરઃ– ૧૦૯/૨૦૨૧**
**આંક –૩૨**

| સેશન્સ કેસ નંબરઃ– ૧૦૯/૨૦૨૧ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 03 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | પ્રવિણજી અમરતજી જાલેરા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9737372766 |
| ઉંમર આશરે | ૩૨ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ભદ્દીવાડી તા.કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા.. |

(૧) આજથી દોઢેક વર્ષ પહેલા હું મારા ગામના ગજાનન પાન પાર્લર પર હાજર હતો. એક કોરા કાગળમાં મારી સહી લીધેલી. પોલીસે મારી પંચનામામાં સહી લીધા પછી આ પંચનામું શા બાબતનું છે તે અંગે કોઈ સમજ કરેલ નહી. પંચનામા સમયે કોઈ ઈસમ હાજર હોય અને તેઓએ મને અને પોલીસની હાજરીમાં કોઈ જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી. હું કોઈ મેહુલભાઈ બબાજી ઠાકોરને ઓળખતો નથી. હું ધારશીજી બાવાજી જાલેરા(ઠાકોર)ને અમારા ગામના હોવાથી ઓળખુ છુ. આ ધારશીજી બાવાજીએ મને કોઈ જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી. કોઈ પંચનામુ હાજરીમાં થયેલ હોય તેવુ બનેલ નથી. મને માર્કઃપ/જવાળું ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંકઃ૩૩</u>** આપવામાં આવે છે.

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે '' ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવાનુ હોય અમો પંચોને પંચ રહેવા પોલીસે સમજ કરેલી અને અમોએ સહખુશી બતાવી. પંચનામા સમયે આ કામના ફરીયાદી હાજર હોય તેઓએ અમારા પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યા બતાવતા, જે જગ્યા જોતા પ્લોટ

સાહેદની સહી..........................

વિસ્તારમાં જવાના આર.સી.સી.રોડ ઉપર આવેલ હતી. સદર રોડની ઉતર તરફ આશરે એક ફુટના ઘેરાવામાં ભુખરા લોહી જેવા ડાઘા પડેલા જણાયેલા તેમજ રોડની આજુબાજુમાં છુટક લોહી જેવા ડાઘા જણાયેલા હતા. સદર રોડ આર.સી.સી.નો બનાવેલો હતો. રોડ આશરે આઠ ફુટ જેટલો પહોળો હતો. રોડની ઉતર તરફ સિલ્વર મહકની તથા વાદળી કલરની તુટેલી પડેલી. તેની ઉપર લોહી જેવા છુટાછવાયા ડાઘા જણાયેલ હતા. જે રોડ ઉપર પડેલ લોહીવાળી જગ્યાએથી આશરે ૫૦ ગ્રામ માટી અલગ–અલગ લઈ એક પ્લાસ્ટિકની થેલીમાં મુકી તે થેલીનું મોઢીયાને ગાંઠ મારી જે થેલીને એક પ્લાસ્ટિકના પારદર્શક ડબામાં મુકી તેના ઉપર ઢાંકણુ બંધ કરી અમો પંચો તથા આપ સાહેબની સહીઓ વાળી કાપલી મુકી જે કાપલી દોરાથી બાંધી લાખથી અંગ્રેજી માર્કાનો સીલ મારી માર્ક–એ આપી તપાસ અર્થે કબજે કરેલ હતી. તેમજ સદર જગ્યાએથી રોડ ઉપરથી અલગ–અલગ જગ્યાએથી કંટ્રોલ સેમ્પલ સારૂ આશરે ૫૦ ગ્રામ જેટલી માટી એક પ્લાસ્ટિકના જબલામાં મુકી તેને ગાંઠ મારી તે થેલી પારદર્શક પ્લાસ્ટિકના ડબામાં મુકી તેનું ઢાંકણુ બંધ કરી અમો પંચો તથા આપ સાહેબની સહીઓ વાળી કાપલી મુકી જે કાપલી દોરાથી બાંધી લાખથી અંગ્રેજી માર્કાનો સીલ મારી માર્ક–બી આપી તપાસ અર્થે કબજે કરેલ.

**આ તબકકે રિશેષ સમય થતા વધુ સરતપાસ માટે મુલતવી.**

**આ તબકકે રિશેષ સમય પુરો થતા વધુ સરતપાસ ફરીયાદી તર્ફે એ.પી.પી.શ્રી.વી.બી.કંસારા.**

**સોગંધ આપ્યા...**

(૨) તેમજ સદરહું બાજુમાં બાવળની વાડ પાસે પડેલ સિલ્વર મહક મસાલાની વાદળી કરલની તુટેલી પડીકી ઉપર લોહીવાળા ડાઘાવાળી પડીકીને એક પારદર્શક પ્લાસ્ટિકના ડબામાં મુકી તેનું ઢાંકણ બંધ કરીને તેના ઉપર અમો પંચો તથા આપ સાહેબની સહીઓ વાળી કાપલી મુકી જે કાપલી દોરાથી બાંધી લાખથી અંગ્રેજી માર્કાનો સીલ મારી માર્ક–સી આપી તપાસ અર્થે કબજે કરેલ.

એ વાત ખરી નથી કે સદર ગુનાની ચર્તુથ સીમા જોતા પૂર્વ થી પશ્ચિમ ભદ્દીવાડી બાજુ વિસ્તારમાં જવાનો આર.સી.સી. રોડ આવેલ હતો. અને ઉત્તરે વાડ આવેલ હતી. વાડ

છોડી સાદીકભાઈ અનીલભાઈ વોરાનો ખુલ્લો પ્લોટ આવેલ હતો. દક્ષિણે રોડની જગ્યા છોડી ડુબરાબેન અજગરભાઈ વોરાનો પ્લોટ તથા દિવાલ આવેલ હતી. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા માટે સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી.**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.એમ.પી.પરમાર .**

(૩) એ વાત ખરી છે કે મને તૈયાર પંચનામામાં સહી કરાવેલી. એ વાત ખરી છે કે પંચનામા વિશે મને કોઈ જાતમાહીતી નથી.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૬/૦૮/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................